# 6 મે ના રોજ ગ્રીન માટે વોટ કરો

## લંડનના મેયર પદ માટે શિયાન બેરી

## લંડન એસેમ્બલીમાં તમારૂં પ્રતિનિધિત્વ કરશે ગ્રીન્સ

SIAN BERRY LONDON



# લંડનને આવશ્યકતા છે એક નવી શરૂઆતની

**લંડન દુનિયાનું ગ્રીનેસ્ટ સિટી બની શકે છે, જે નવા ભવિષ્ય માટે બિલકુલ તૈયાર હશે અને આપણને ત્યાં પહોંચાડી શકશે નવા ગ્રીન મેયર**

આજે, લંડનવાસીઓ નવી શરૂઆત હેતુ ઝંખી રહ્યા છે એક એવી રિકવરી જે સૌનો વિકાસ કરે અને સુરક્ષિત ભવિષ્યની રચના કરશે. જે આપણે ગર્વપૂર્વક આગળની પેઢીને સોંપી શકીએ.

શિયાન બેરી અને કેરોલિન રસેલે છેલ્લા પાંચ વર્ષથી ગ્રીન લંડન એસેમ્બલી મેમ્બર્સ તરીકે તમારું પ્રતિનિધિત્વ કરીને દરરોજ તમારા માટે કામ કર્યું છે.

આ કટોકટીની સ્થિતિ પહેલાં પણ તેમણે નાગરિકો અને કેમ્પેનરો સાથે મળીને જે કામ કર્યું તેમાં ઘણી સમસ્યાઓ ખુલ્લી પાડી હતી.

આપણાં ભાડે રહેતાં લોકો હતાશ છે, હોમલેસ લોકોની સંખ્યા વધી રહી છે, ટ્રાફિક વધ્યો છે, પક્ષપાતના કારણે અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમના કારણે મહિલાઓ અને માઇનોરિટીને દરરોજ પરેશાન કરવામાં આવે છે. ઓછી આવક ધરાવતા લોકો સંઘર્ષ કરે છે, અને કાપ મૂકવાના કારણે યુથ સર્વિસના હાલ બેહાલ છે.

કોરોના વાયરસના કારણે આપણી સિસ્ટમની ઘણી મોટી ખામીઓ ખુલ્લી પડી છે. પરંતુ આ સિસ્ટમ્સને બદલી શકાય છે.

પરિસ્થિતિમાં ફેરફાર લાવી શકાય છે. મેયરપદ અને એસેમ્બલી માટે તમારા ગ્રીન ઉમેદવારો લંડનમાં પરિવર્તન લાવવાની યોજના ધરાવે છે.

# ગ્રીન પાર્ટીની મુખ્ય નીતિઓ

**લંડન માટેની અમારી નીતિઓને આખા શહેરનાં બધા વર્ગનો ટેકો મળી રહ્યો છે.**

## બધાના અધિકારોનું રક્ષણ કરવાની ફરજ

**ગ્રીન્સ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના દરેકને પોતાનું જીવન જીવવા માટે સમર્થન આપશે. અમે આટલું કરીશું:**

- અમે અવરજવરની સ્વતંત્રતા, EUના નાગરિકોના અધિકારોને ટેકો આપીશું, માઇગ્રન્ટ અને શરણાર્થીઓને નિશાન બનાવીને તેમની સામે જોખમી વાતાવરણ ઊભું કરતી નીતિઓ સમાપ્ત કરવા માટે લડશું.
- રેસિઝ્મ (જાતિવાદ) અને સેક્સિઝ્મ (લૈંગિકતા) ને ખતમ કરવા સમગ્ર શહેરમાં મિશન શરૂ કરીશું, LGBTIQA+ નાગરિકો, યુવાનો અને વૃદ્ધ લંડનવાસીઓના અધિકારોને ટેકો આપીશું, તથા વિકલાંગ લંડનવાસીઓને નડતા અવરોધો ખતમ કરીશું.
- પોલીસના અધિકારોને મર્યાદિત કરીને નાગરિક સ્વતંત્રતાનું રક્ષણ કરીશું, તેમની જવાબદારી નક્કી કરીશું, ફેસિયલ રેકગ્નિશનનો ઉપયોગ અટકાવીશું અને સ્ટોપ એન્ડ સર્ચમાં થયેલા વધારાને પાછો ખેંચીશું.

## આપણી ઇકોનોમીમાં પરિવર્તન લાવવાનું મિશન

**ખરા અર્થમાં ગ્રીન રિકવરી માટે ગ્રીન મેયર એ એકમાત્ર પસંદગી છે. અમે આટલું કરીશું:**

- આપણા હાઇ સ્ટ્રીટ અને નાના બિઝનેસને ટેકો આપીશું, એફોર્ડેબલ ભાડાંની વ્યવસ્થા કરીને તેમની શક્તિ વધારીશું.
- ગ્રીન નોકરીઓનું સર્જન કરીશું જેથી આપણને સ્થાનિક સ્તરે જરૂરી હોય તેવા માલનું ઉત્પાદન, રિ-યુઝ અને રિપેર કરી શકાય.
- કલાક દીઠ £14ના નવા લંડન લિવિંગ વેજ સાથે કામદારોને ટેકો આપીશું, એમ્પલોયર માટે ફ્લેક્સિબલ, ફેમિલી-ફ્રેન્ડલી ધોરણો અપનાવીશું.
- ક્રિયેટિવ ઓટોનોમી એલાઉન્સના ટ્રાયલ દ્વારા યુવાનો માટે તક વધારીશું. આ એક નિયમિત આવક હશે જેની મદદથી વ્યવસાય અને કલા ક્ષેત્રે કારકિર્દી શરૂ કરી શકાય.




## મારો પાવર (શક્તિ) તમને આપવાનું વચન

**ગ્રીન્સ બધો પાવર (શક્તિ) લોકોના હાથમાં આપવામાં માને છે. અમે આટલું કરીશું:**

- નિર્ણય લેવાની પ્રક્રિયામાં જુદા જુદા વર્ગના લોકોને સમાવીશું જેથી પોતાને અસર કરતી નીતિઓમાં વધુ લંડનવાસીઓ સામેલ થાય. તેમાં મેયરનું બજેટ પણ સામેલ છે.
- ટેક્સ, NHS, શિક્ષણ, ન્યાય વ્યવસ્થા, હાઉસિંગ અને પર્યાવરણને લગતી પોલિસીમાં લોકો સીધા સામેલ થાય તે માટે સરકાર પાસેથી વધુ પાવર મેળવવો – બિલકુલ સ્કોટલેન્ડ અને વેલ્સની જેમ.

## સલામત અને તંદુરસ્ત શહેર માટે પગલાં

**અમારું લક્ષ્ય આપણા શહેરના બધા લોકોને જોખમો સામે સુરક્ષિત રાખવાનું છે. અમે આટલું કરીશું:**

- હિંસા ઘટાડવા અને મર્ડરને નાબૂદ કરવા માટે નિશ્ચિત લક્ષ્યો નક્કી કરવા, મહિલાઓ વિરોધી હિંસાને અટકાવવા માટે ખરા અર્થમાં પગલાં લેવા, તથા યુવાનોને એવી સેવાઓ આપવી જેથી તેઓ પ્રગતિ કરી શકે.
- સારી માનસિક તંદુરસ્તી (મેન્ટલ હેલ્થ) ને સહાય કરવા માટે વધુ પગલાં લેવા અને તેને શારીરિક તંદુરસ્તી જેટલું જ મહત્ત્વ આપવું. અમે વધુ ગ્રીન સ્પેસ ખુલ્લી કરીશું અને લંડનવાસીઓને તેમની કોમ્યુનિટીમાં એકબીજા સાથે જોડાવવામાં મદદ કરીશું.
- સ્પીડ લિમિટ ઘટાડીને અને રોડ પોલિસિંગ પર ભાર મૂકીને રોડ-રસ્તાઓને ખરા અર્થમાં સુરક્ષિત બનાવીશું.
- આખા લંડનને આવરી લે તેવા અલ્ટ્રા લો એમિશન ઝોન નક્કી કરીને હવા શુદ્ધ કરીશું. ટ્રાફિક ઘટાડવા કામ કરીશું અને ગ્રીન બસની સંખ્યા વધારીશું.




## અમે વિશ્વનું ગ્રીનેસ્ટ શહેર બનાવીશું

**આપણા ભવિષ્ય માટે માત્ર ગ્રીન મેયર પર ભરોસો મૂકી શકાય. અમે આટલું કરીશું:**

- 2030 પહેલાં ક્લાઇમેટ અને ઇકોલોજિકલ ઇમરજન્સીને દૂર કરવા ટાર્ગેટ નક્કી કરીશું, તેને પ્રાપ્ત કરવા તમામ નાગરિકો સાથે મળીને કામ કરીશું.
- ગ્રીન સ્પેસ વધારીશું, જંતુનાશક દવાઓનો ઉપયોગ બંધ કરીશું, શહેરની આસપાસ જંગલ અને વેટલેન્ડમાં વધારો કરીશું અને નવા બગીચાઓ તથા ગ્રીન સ્ટ્રીટોનું નિર્માણ કરીશું.
- ગ્રીન એનર્જી અને નવી નોકરીઓમાં વધારે રોકાણ કરીશું. ઘરોને વધુ હુંફાળા બનાવીશું અને ફ્યુઅલ પોવર્ટી ઘટાડવા નવું ફંડિંગ આપીશું.

## એક સ્પષ્ટ યોજના લંડનને ગતિશીલ રાખવા માટે

**ગ્રીન્સ ઇચ્છે છે કે બધા લોકો સરળતાથી ગમે ત્યાં હરીફરી શકે. અમે આટલું કરીશું:**

- ટ્રાફિક ઘટાડીશું અને સિલ્વરટાઉન રોડ ટનલ રદ કરીશું, તેના બદલે હેલ્ધી સ્ટ્રીટ, વોકિંગ, સાઇક્લિંગ, વધુ સારી બસો અને નવા પબ્લિક ટ્રાન્સપોર્ટ જોડાણો તરફ ધ્યાન આપીશું.
- ભાડાં ઘટાડીશું અને ટ્યુબ તથા રેલ માટે એક જ ઝોન બનાવીશું, જે રીતે બસ માટે હોય છે. જેથી આઉટર લંડનના બધા લોકોનો ટ્રાવેલિંગનો ખર્ચ ઘટશે.
- તંદુરસ્ત અને ટ્રાફિકથી મુક્ત સ્ટ્રીટ માટે રોકાણ વધારીશું જેથી આસપાસનો વિસ્તાર વધુ શાંત, સુરક્ષિત અને કનેક્ટેડ બને.



# હાઉસિંગ માટે નવા વિચારો

**અમારી નીતિઓથી બધા લોકોને યોગ્ય અને સુરક્ષિત ઘર મેળવવામાં મદદ મળશે. અમે આટલું કરીશું:**

- વધુ ઘરોને લંડનવાસીઓના નિયંત્રણ હેઠળ લાવીશું, લિવિંગ રેન્ટ પર મુખ્ય વર્કર્સને મકાન મળી રહે તે માટે નવું રોકાણ કરીશું, કો-ઓપરેટિવ અને કોમ્યુનિટી આધારિત હાઉસિંગ માટે વધુ મદદ આપીશું.
- વધુ રહેવાસીઓને ડિમોલિશન સામે વોટિંગની સત્તા આપીને કાઉન્સિલ હાઉસિંગનું નુકસાન અટકાવીશું. એક પીપલ્સ લેન્ડ કમિશનની રચના કરીશું જેથી સ્થાનિક વિસ્તારના લોકો નવા ઘર માટે પોતાની યોજના બનાવી શકે.
- હોમલેસ લોકોની સંખ્યા ઘટાડવા માટે ભાડુઆતો સાથે કામ કરીને તેમના અધિકારો વધારીશું તથા મહામારીના સમયમાં ભાડું ચઢી જવાને કારણે થયેલું દેવું રદ કરાવીશું.
- ભાડાં ખૂબ ઊંચા છે અને તેના કારણે અસમાનતા વધી ગઈ છે. ગ્રીન મેયર સરકાર પર ત્યાં સુધી દબાણ ચાલુ રાખશે જ્યાં સુધી આપણને લંડનમાં ભાડા નિયંત્રિત કરવાનો અધિકાર ન મળે.

SIAN BERRY LONDON

# શિયાન બેરી – લંડનમાં મેયરપદ માટે આપના ઉમેદવાર

શિયાન એ લંડન એસેમ્બલીના સભ્ય છે અને 2016માં મેયરની ચૂંટણીમાં ત્રીજા સ્થાને રહ્યા હતા. મેયરના સ્થાન માટે બીજા નંબરે તેમને અન્ય કોઈ પણ ઉમેદવાર કરતાં વધારે વોટ મળ્યા હતા.

**શિયાન કહે છે, "હું મારી આખી વર્કિંગ લાઇફ દરમિયાન લંડનવાસી રહી છું. આ દરમિયાન હું પ્રાઈવેટ રેંટર (ખાનગી ભાડુઆત) રહી છું. ખરાબ મકાનમાલિકો, તૂટેલા પ્લમ્બિંગ અને ઊંચા ભાડાના કારણે કેટલી તકલીફ પડે છે તેનો મને પોતાને અનુભવ છે."**

**"એસેમ્બલીમાં ચૂંટાતા પહેલાં, મેં દેશભરમાં પર્યાવરણને બચાવવા માટે અલગ અલગ કોમ્યુનિટી સાથે કામ કર્યું હતું અને વધુ સારી ટ્રાન્સપોર્ટ સુવિધા માટે નવું ફંડ ભેગું કર્યું હતું."**

**"મેં ઘણું બધું કામ કરાવ્યું છે, અને હું ગ્રીન મેયર તરીકે તમારી અને આપણાં શહેરની સેવા કરવા તૈયાર છું."**

**"ગ્રીન પાર્ટીમાં તમને ખૂબ સામાન્ય લોકો પણ મળી આવશે. તેઓ એટલા માટે રાજકારણમાં આવ્યા છે કારણકે અમે આપણી રહેવાની જગ્યા, આપણા ભવિષ્ય અને આપણા પાડોશીઓની ખૂબ કાળજી રાખીએ છીએ."**

**"આપણા નાગરિકો એવા લોકોને ઇચ્છે છે જેમના પર ભરોસો મૂકી શકાય અને જેઓ સત્યનો સાથે આપે."**

**"મેયર તરીકે મને પ્રથમ પસંદગી આપવા ઉપરાંત, તમે આ ચૂંટણીમાં તમારા તમામ બેલેટ પેપર્સ દ્વારા અમારા ખૂબ જ મહેનતુ એસેમ્બલી ઉમેદવારોને વોટ આપી શકો છો."**



## ગુરુવાર 6 મે ના રોજ શિયાન બેરી અને ધ ગ્રીન પાર્ટી માટે ત્રણ મતનો ઉપયોગ કરો

